VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ‘તળેટીનું અંધારું’માં પ્રગટતું માનવસંવેદન’

## કિંજલ એ. રબારી

પીએચ. ડી. સંશોધક, JRF, ગુજરાતી વિભાગ,
ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

અજય સોની યુવા વાર્તાકાર છે. નવલિકાઓ સિવાય તેમણે ‘કથા કેનવાસ’ અને ‘રંગછાબ’ નામે સંવેદનકથાઓ તથા ‘માવજી મહેશ્વરીનો વાર્તાલોક’ નામે સંપાદન કર્યું છે. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ ‘રેતીનો માણસ’ અનેક સંસ્થાઓ દ્વારા પોંખાયો, તેનાં પરિણામરૂપે ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪ ને વસંત પંચમીના દિવસે તેમનો બીજો વાર્તાસંગ્રહ ‘તળેટીનું અંધારું’ વિમોચન પામે છે. જે ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયો. આ સંગ્રહ સર્જક અજય સોનીએ વિનેશ અંતાણીને અર્પણ કર્યો છે.

૧૩૬ પાનામાં વણાયેલ આ સંગ્રહમાં ૧૨ વાર્તાઓ તથા એક અનુભવ લેખનો સમાવેશ થયો છે. વિસ્તારની દ્રષ્ટિએ સૌથી ઓછા પૃષ્ઠમાં ‘સન્નાટો’ અને ‘ડે-નાઈટ ગ્લાસીસ’ છે. તો, સૌથી વધુ પૃષ્ઠમાં સમાયેલ વાર્તા ‘તળેટીનું અંધારું’ છે. વિષય-વૈવિધ્યની દ્રષ્ટિએ આ સંગ્રહમાં સ્ત્રી વિષયક, નિઃસંતાન દંપતિ, કોમી રમખાણ, વિધુરપણું જેવાં વિવિધ વિષયોને આલેખી તેમાં માનવ સંવેદનને કેન્દ્ર સ્થાને રાખી વાર્તાઓ લખાઈ છે. પરિવેશ જોઈએ તો કેટલીક વાર્તાઓ શહેરી પરિવેશમાં, ‘ઉગારો’ જેવી વાર્તામાં ગ્રામ્ય પરિવેશમાં, ‘રેતીમાં ખૂંપેલું મોરચંગ’માં કચ્છ પ્રદેશ તથા ‘તળેટીનું અંધારું’ પહાડી પરિવેશમાં નિરૂપાઈ છે.

સંગ્રહની પ્રથમ વાર્તા ‘દાજ’ જે સ્ત્રીસંઘર્ષને રજૂ કરતી વાર્તા છે. સરિતા મરાઠણ દ્વારા એક રાત્રે પતિની હત્યા કરવામાં આવે છે. આ ઘટના બાદ તેની પાડોશી નબુ પાપડવાળીની મનઃસ્થિતિ નવલિકાનું હાર્દ બને છે. નબુ પાપડવાળીની આંખ સામે તેની મૃત્યુ પામેલ પુત્રી ઉષાનો ચહેરો ફર્યા કરે છે. ઉષાએ પતિના ત્રાસથી આપઘાત કર્યો હોય છે. સંઘર્ષમય સ્થિતિ, સરિતા મરાઠણની હિંમત, વારંવાર આવતી પુત્રીની યાદ થકી નબુની મનઃસ્થિતિ એટલા સુધી આક્રમક બને છે કે એક રાત્રે તેની ઈચ્છા વિરુદ્ધ શારીરિક સુખ માણતા તેના દારૂડિયા પતિ કરસનને દસ્તાનાના ઘા વડે મોતને ઘાટ ઉતારી દે છે. વાર્તામાં આવતું કાંતા ડોશીનું પાત્ર તેમના ભૂતકાળને લઈ રહસ્યમય રહ્યું છે.

‘ઉગારો’ વાર્તા ગ્રામ્યપ્રદેશની છે. જેમાં સર્જકે અતિવૃષ્ટિના સમયે પ્રસુતિની ક્ષણને કેન્દ્રમાં રાખી વાર્તા નિરૂપી છે. કાશી ડોશી અને તેમની પુત્રવધુના પાત્ર દ્વારા સજકે સ્ત્રી પ્રત્યેની સમાજની માન્યતા પર પ્રશ્ન કર્યો છે. બે કસુવાવડ અને ત્રણ-ત્રણ દીકરીઓ હોવા છતાં પણ પુત્ર માટેની ઝંખના રાખતા સમાજની માનસિકતાને વાર્તાના અંતે આવતા કાશી ડોશીના વિધાન, ‘વર્ષે વર્ષે પેટ ઉલેચવાની પીડામાંથી તો ઉગરી બિચારી’ વડે સુખદ અંત અપાય છે. સાથે-સાથે ખેતરે ગયેલ કાશી ડોશીના પુત્ર કમાનું અંત સુધી પરત ન ફરવું એ ઘટના વાર્તાનો અંત બંધ હોવા છતાંય વાચક માટે ખુલ્લો કરી આપે છે.

‘ધ્રુજતું પાણી’ પ્રથમ પુરુષ નિરીક્ષકના કથનકેન્દ્રથી કહેવાઈ છે. આ વાત કાના નામના પાત્ર દ્વારા રજૂ થઈ છે જે સોનીનો પુત્ર છે. કોમી રમખાણ અને દંગાના માઠા પરિણામ હેઠળ સોની પરિવાર અને તેમને ત્યાં ઘરેણાં બનાવતા નોકર મુઝફ્ફર વચ્ચે વિશ્વાસના તાંતણે ગૂંથાયેલ સંબંધ પળવારમાં તૂટી જાય છે. વાર્તામાં મુખ્ય પાત્રો ગતિશીલ(પરિવર્તનશીલ) બન્યાં છે. જેમકે એકસમયે શેઠ અને નોકર મુઝફ્ફર હળીમળીને કામ કરતા હતા અને પરિસ્થિતિના કારણે બંને એકબીજા પરનો વિશ્વાસ ગુમાવી બેસે છે. ‘રેતીમાં ખૂંપેલું મોરચંગ’ કચ્છ પ્રદેશને લઈને લખાયેલ વાર્તા છે. જેમાં હેન્ડીક્રાફ્ટના સેમ્પલ માટે આવેલ સાહેબ અને રોમતનું પાત્ર મુખ્ય છે, રોમત એક પરિણીતા સ્ત્રી છે. સાહેબ પ્રત્યે તેનું આકર્ષણ, પતિનો ડર, સમાજનો

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ડર, માનસિક તાણાવાણા સાથે વાર્તાના અંતે રોમત તેના પતિ મજિદની સાથે શારીરિક સુખ તો માણે છે પણ તેના મનમાં તો સાહેબ જ મોરચંગ વગાડી રહ્યા હોય છે. સંવાદોમાં કચ્છી બોલીના પ્રયોજન થકી આ વાર્તા વધુ ઘાટીલી બની છે.

'હવેલી' વાર્તામાં પલ્લવી અને બાના પાત્ર દ્વારા સર્જકે એકલતા, નિરાશા વ્યક્ત કરી છે. 'સાંજ' વાર્તા સમગ્ર રીતે વર્ણનપ્રધાન છે. જેમાં સર્જકે બે સ્ત્રી પાત્રોની મનઃસ્થિતિ રજૂ કરી છે. આ વાર્તામાં પાત્ર મુખે માત્ર એકાદ-બે સંવાદ ટાંક્યા હોત તો વાર્તા હજુપણ વધુ સુંદર બની હોત. 'બગીચાનો માળી'માં બાળકોના રમકડાં, બૂટ, ટીશર્ટ વગેરેના પ્રતિક દ્વારા નિ:સંતાન માળી દંપતિની મનોવેદનાને વાચા આપઈ છે. 'કેલેન્ડરનું પાનું' વાર્તામાં વિધુર આનંદભાઈનું પાત્ર છે. જેમનું સાંપ્રત જીવન યંત્રવત્ ચાલતું રહે છે. તેઓ ઈચ્છવા છતાંય રોજિંદી ક્રિયામાં બદલાવ કરી શકતા નથી. 'પડછાયાના ટૂકડા'માં પણ વિધુર મધુકાંત નામે વીમા એજન્ટનું પાત્ર છે. જે એકલાં જીવન વિતાવી રહ્યા છે. જીવનની પાછલી ઉંમરે પણ તેઓ કામ છોડી શકતા નથી. તેમના ઘભે લટકતો થેલો થાકેલા જીવનનું પ્રતિનિધિત્વ કરે છે, વિચારરૂપી પડછાયાઓ સામે તેઓ હામ ભરી શકતા નથી. સાથે 'સન્નાટો' અને 'ડે-નાઈટ ગ્લાસીસ' આ બંને વાર્તાઓમાં વિધુર પિતા અને તેમની પુત્રીઓના મનોજગતને વાચા અપાઈ છે.

'તળેટીનું અંધારું' આ સંગ્રહની અંતિમ અને પ્રથમ પુરુષ નિરીક્ષકના કથનકેન્દ્રથી લખાયેલ બીજી વાર્તા છે. આ વાર્તાનો નાયક સર્જક છે, જે તેની નવલકથા લખવા થોડા દિવસ પહાડી વિસ્તારમાં જાય છે. અહીંયા પહાડની તળેટીમાં રહેતાં અને લીકર શોપ ચલાવતા આંટી અને તેમની સંબંધી છોકરીનું પાત્ર મુખ્ય છે. આ છોકરીનું પાત્ર એ સર્જકની નવલકથામાં આવતા કોશાના પાત્ર સાથે એકરૂપ થતું જણાય છે. વાર્તાનો નાયક દરેક વખતે પાત્રોને પોતાની મુઠ્ઠીમાં રાખતો પરંતું આ વખતે તેની નવલકથામાં કોશા અને નાયકનું પાત્ર સ્વતંત્ર રીતે ચાલવા લાગે છે. લીકર શોપવાળા આંટીનું પાત્ર પ્રત્યક્ષ રીતે વાર્તામાં આવતું નથી. વાર્તાનો અંત સર્જકે ભાવક માટે ખુલ્લો મૂક્યો છે.

સર્જક તેમના અનુભવ લેખમાં જણાવે છે કે, તેઓ સ્વભાવે અંતરમુખી છે. આ સ્વભાવ કેટલાંક અંશે તેમનાં પાત્રોમાં પણ જોવા મળે છે. નબુ પાપડવાળી, કાશી ડોશી, મુઝફ્ફર, રોમત, પલ્લવી, 'તળેટીનું અંધારું'માં આવતી છોકરી વગેરે જેવાં પાત્રો ભાવક ચિત્તમાં મહત્વું સ્થાન પામે એવા છે. શબ્દચિત્ર વડે વાર્તાઓમાં વાતાવરણ સુંદર રીતે રચાયું છે છતાં, અમુક વાર્તાઓમાં વર્ણનોનો પ્રસ્તાર જોવા મળે છે. લેખકે ધાર્યું હોત તો નવલિકાઓના વાક્યોમાં થતાં પુનરાવર્તન તથા 'અંધારું' શબ્દનો થતો વારંવાર પ્રયોગ ઓછો કરી શક્યાં હોત, અમુક વાર્તાઓમાં ભાવકને જોઈએ તેટલો સંતોષ કદાચ ન પણ મળે, છતાંય જો પાત્રના મનની સ્થિતિને પ્રાધાન્ય આપીએ તો આ વાર્તાઓમાંથી ભાવકને વર્તમાન સમયના મનુષ્યચિત્તની ગંભીર સ્થિતિ, મૂંઝવણ, માનવસંવેદન ચોક્કસ નજરે પડશે.

## સંદર્ભ

1. સોની અજય, 'તળેટીનું અંધારું', પ્રથમ આવૃત્તિ-૨૦૨૪, ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ

http://vidyajournal.org